દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૬

# IT રિટર્ન ભરવાના અંતિમ દિવસે ધસારો પણ ભારતમાં વસતીના પ્રમાણમાં ઓછા રિટર્ન ભરાય છે

આકારણી વર્ષ 2026-27 (નાણાકીય વર્ષ 2025-26) ના અંતિમ દિવસ સુધીમાં દેશમાં 5.5 કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા હોવાના આંકડા જાહેર થયા છે. પ્રથમ દ્રષ્ટિએ આ આંકડો વિશાળ અને આવકવેરા વિભાગ માટે ઉત્સાહજનક લાગી શકે છે, પરંતુ જ્યારે આ આંકડાને ભારતની 140 કરોડથી વધુની કુલ વસતી અને અંદાજે 60 કરોડથી વધુની કમાતી વસતીના સંદર્ભમાં જોવામાં આવે, ત્યારે એક અત્યંત ચિંતાજનક આર્થિક વાસ્તવિકતા સામે આવે છે. 140 કરોડના દેશમાં માત્ર 5.5 કરોડ રિટર્ન ફાઇલ થવા એ દર્શાવે છે કે વસતીના પ્રમાણમાં દેશમાં આઈટી રિટર્ન ભરનારાઓની સંખ્યા હજુ પણ અત્યંત ઓછી છે. આ પરિસ્થિતિ માત્ર કરવેરા વિભાગ માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના આર્થિક માળખા માટે એક મોટો પડકાર છે.

આપણે આંકડાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ તો જણાશે કે ભારતની કુલ વસતીના માંડ 4 થી 5 ટકા લોકો જ આઈટી રિટર્ન ફાઇલ કરે છે. તેમાં પણ વધુ ચોંકાવનારી બાબત એ છે કે ફાઇલ થયેલા કુલ રિટર્નમાંથી મોટી સંખ્યામાં રિટર્ન 'ઝીરો ટેક્સ' (શૂન્ય કરપાત્ર આવક) વાળા હોય છે. આનો અર્થ એ થયો કે દેશમાં ખરેખર પ્રત્યક્ષ આવકવેરો ચૂકવનારા લોકોની સંખ્યા તો વસતીના 2 થી 3 ટકાથી પણ ઓછી રહી જાય છે. દેશમાં વસતીના પ્રમાણમાં આઈટી રિટર્ન ભરનારાઓની સંખ્યા ઓછી હોવા પાછળ કેટલાક બંધારણીય, સામાજિક અને આર્થિક પરિબળો જવાબદાર છે.

ભારતીય અર્થતંત્રનો એક મોટો ભાગ હજુ પણ અસંગઠિત ક્ષેત્ર પર નિર્ભર છે. રોકડ વ્યવહારોના કારણે મોટી આવક ધરાવતા લોકો પણ કરવેરાની જાળમાંથી બહાર રહી જાય છે. ભારતમાં કૃષિ આવકને આવકવેરામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. આ જોગવાઈનો લાભ લઈને ધનિક જમીનદારો કે કૃષિના નામે મોટા વ્યવસાયો ચલાવતા લોકો પણ કરચક્રથી મુક્ત રહે છે.

સરકાર દ્વારા નવી ટેક્સ સિસ્ટમ હેઠળ રૂ.7 લાખ સુધીની આવક પર રીબેટ આપીને મોટાભાગના મધ્યમ વર્ગને કરમુક્ત કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને રાહત મળી છે, પરંતુ તેને કારણે રિટર્ન ફાઇલ કરનારાઓમાં "ટેક્સ આપનારાઓ"ની સંખ્યા ઘટી જાય છે. અનેક નાગરિકોમાં હજુ પણ એવો ભ્રમ છે કે જો તેમની આવક કરપાત્ર ન હોય તો તેમણે રિટર્ન ફાઇલ કરવાની જરૂર નથી. કરદાતાઓનો આધાર મર્યાદિત રહેવાથી દેશના આર્થિક અને સામાજિક તાણાવાણા પર નકારાત્મક અસરો પડે છે.

જ્યારે દેશના વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ભંડોળની જરૂર પડે છે, ત્યારે જૂજ પ્રમાણિક કરદાતાઓ, ખાસ કરીને પગારદાર વર્ગ, પર જ ટેક્સનો તમામ બોજ આવી પડે છે. પગારદાર વર્ગની આવકમાંથી સોર્સ પર જ ટેક્સ કપાઈ જાય છે, જેથી તેઓ ટેક્સ બચાવી શકતા નથી, જ્યારે અન્ય ક્ષેત્રોના કમાઉ લોકો છટકી જાય છે. પ્રત્યક્ષ વેરો ઓછો એકત્રિત થવાને કારણે સરકારને જીએસટી, એક્સાઈઝ અને પેટ્રોલ-ડીઝલ પરના ટેક્સ જેવા પરોક્ષ વેરા વધારવા પડે છે. પરોક્ષ વેરો અમીર અને ગરીબ બંને પર સમાન રીતે લાગે છે, જેનાથી ગરીબ વર્ગ પર આર્થિક બોજ વધે છે. શિક્ષણ, આરોગ્ય, સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં રોકાણ કરવા માટે સરકાર પાસે પૂરતી મૂડી ઉપલબ્ધ થતી નથી અથવા સરકારે દેવું કરવું પડે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાં મંત્રાલય અને આવકવેરા વિભાગે કર-આધાર વધારવા માટે નોંધપાત્ર પગલાં ભર્યા છે. પરંતુ, આઈટીઆર ફાઇલ કરવાની પ્રક્રિયા એટલી સરળ બનાવવી જોઈએ કે સામાન્ય નાગરિક પોતાના મોબાઈલથી જ કોઈ પણ સહાય વિના રિટર્ન ફાઇલ કરી શકે. રિટર્ન ફાઇલ કરવાના ફાયદા (જેવા કે સરળતાથી લોન મળવી, વિઝા પ્રક્રિયા, નાણાકીય શાખ) અંગે વ્યાપક ઝુંબેશ ચલાવવી જોઈએ. 'રિટર્ન ભરવું એ માત્ર ટેક્સ આપવા માટે નથી, પણ દેશના જવાબદાર નાગરિક બનવા માટે છે' તેવો સંદેશ આપવો જરૂરી છે. અંતિમ દિવસે 5.5 કરોડથી વધુ રિટર્ન સબમિટ થવું એ ચોક્કસપણે ઈ-ફાઇલિંગ પોર્ટલ અને ડિજિટલ ઇન્ડિયાની સફળતા દર્શાવે છે, પરંતુ તે અર્થતંત્રની પૂર્ણ ક્ષમતા દર્શાવતું નથી. 140 કરોડની વસતી ધરાવતા ભારત દેશે જો આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવું હોય, તો કરદાતાઓનો આધાર અનિવાર્યપણે વધારવો પડશે. માત્ર થોડા લાખ કે થોડા કરોડ પગારદારોના ખભા પર આખા દેશનો કર-બોજ નાખવાને બદલે, દેશની દરેક ક્ષમતાવાન વ્યક્તિ કરવેરાના માળખામાં પોતાની યોગ્ય ભાગીદારી નોંધાવે તેવી કડક અને પ્રોત્સાહક નીતિઓ અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. કરવેરો એ માત્ર સરકારની આવકનું સાધન નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણનું સૌથી મહત્ત્વનું કર્તવ્ય છે. જો તમામ લોકો આઈટી રિટર્ન ભરતાં થઈ જશે તો દેશની અર્થવ્યવસ્થા કેટલા લાખ કરોડની છે તેનો ચોક્કસ આંકડો બહાર આવશે તે નક્કી છે.

# જંતરમંતર આંદોલનની ચૂંટણીમાં શું અસર થશે?

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

**શું ત્યાં સુધી આ આંદોલનની અસર વર્તાશે? શું યુવાનોમાં સરકાર પ્રત્યે જે અવિશ્વાસ દેખાયો છે તે મતમાં પરિવર્તિત થશે?**

કેન્દ્ર સરકારે સીજેપી વિદ્યાર્થી આંદોલનની અસરને ધ્યાનમાં રાખીને તેમની મુખ્ય ત્રણેય માગણીઓ સ્વીકારી લીધી. આંદોલન હાલ પૂરું થઈ ગયું છે. જંતર-મંતર ખાલી થઈ ગયું છે. ત્યાં સાફસૂફી પણ થઈ ગઈ છે. સરકારે નવો કાયદો પણ લાવ્યો છે. પરંતુ સવાલ એ છે કે, આ આંદોલનની અસર આવતા વર્ષે યોજાનારી ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં થશે ખરી? આવતા વર્ષે શરૂઆતમાં પંજાબ અને ઉત્તર પ્રદેશની ચૂંટણી યોજાવાની છે અને વર્ષના અંતમાં ગુજરાતમાં ચૂંટણી છે. શું ત્યાં સુધી આ આંદોલનની અસર વર્તાશે? શું યુવાનોમાં સરકાર પ્રત્યે જે અવિશ્વાસ દેખાયો છે તે મતમાં પરિવર્તિત થશે? આ પ્રશ્નોના જવાબ શું હોઈ શકે?આ ચર્ચા એટલા માટે થઈ રહી છે કે દિલ્હીમાં જ નહીં, પરંતુ દેશના ઘણા રાજ્યોમાં નીટ પેપર લીક અને શિક્ષણ પ્રણાલીની ખામીઓ સામે વિદ્યાર્થીઓએ દેખાવો કર્યા હતા. બિહારમાં તો વિદ્યાર્થીઓ સામે એકે-૪૭ તાકવામાં આવી હતી અને તેના કારણે ભારે વિવાદ સર્જાયો હતો. પંજાબમાં આગામી ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૨૭માં યોજાવાની છે. અહીં મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વ હેઠળ આમ આદમી પાર્ટીની સરકાર સત્તામાં છે. તાજેતરમાં મે ૨૦૨૬માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને નગરપાલિકા-નગર નિગમોની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ શાનદાર પ્રદર્શન કરીને બહુમતી બેઠકો જીતી હતી, જેના કારણે વિધાનસભા ચૂંટણી પહેલાં પક્ષનું મનોબળ વધુ મજબૂત બન્યું છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષ પ્રતાપ સિંહ બાજવા અને અમરિન્દર સિંહ રાજા વેરિંગના નેતૃત્વમાં સરકાર સામે આક્રમક વલણ અપનાવી રહ્યો છે. સુખબીર સિંહ બાદલના નેતૃત્વમાં શિરોમણી અકાલી દળ પોતાની ગુમાવેલી રાજકીય જમીન પાછી મેળવવા માટે સક્રિય પ્રયાસો કરી રહ્યું છે, જોકે પક્ષ હજુ પણ આંતરિક અને સંગઠનાત્મક પડકારોનો સામનો કરી રહ્યો છે. ભાજપ પણ પંજાબમાં પોતાનો આધાર વિસ્તારવા માટે સતત સક્રિય છે અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં પોતાનું સંગઠન મજબૂત બનાવવા પ્રયત્નશીલ છે. રાજ્યમાં ભાજપ હજુ પણ મજબૂત સ્થિતિમાં છે, પરંતુ અયોધ્યાના રામ મંદિર સાથે જોડાયેલા ચોરીના કથિત વિવાદે રાજકીય ચર્ચાઓને વેગ આપ્યો છે.

આ સંજોગોમાં જંતર-મંતર અને વિવિધ રાજ્યોમાં થયેલા વિદ્યાર્થી આંદોલનોએ સ્પષ્ટ કર્યું છે કે યુવાનોમાં પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા અને બેરોજગારીને લઈને ભારે અસંતોષ છે. ઉત્તર પ્રદેશમાં ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોની સંખ્યા ખૂબ મોટી છે. જો આ મુદ્દાઓનો સમયસર અને અસરકારક ઉકેલ નહીં આવે, તો તે શાસક પક્ષ માટે મતબેંકમાં મોટું નુકસાન સાબિત થઈ શકે છે, કારણ કે યુવાનો હવે આ મુદ્દાને પોતાના ભવિષ્ય સાથે સીધો જોડીને જોઈ રહ્યા છે. અયોધ્યાના રામ મંદિરમાં દાન અને ભેટ-સોગાદોના સંચાલનને લઈને ઉભા થયેલા વિવાદો અને કથિત નાણાકીય અનિયમિતતાના આક્ષેપોએ રાજકીય વાતાવરણ ગરમાવ્યું છે. આ મામલે તપાસ ચાલી રહી છે. હિન્દુ આસ્થાના કેન્દ્ર સમાન આ સ્થળે વહીવટી પારદર્શિતાને લઈને ઊઠેલા પ્રશ્નો વિપક્ષ માટે સરકાર અને ટ્રસ્ટ સામે સવાલો ઊભા કરવાની તક બની છે. પરિણામે શાસક પક્ષની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને ચૂંટણી દરમિયાન આ મુદ્દો ધાર્મિક તેમજ સુશાસન બંને દષ્ટિએ ચર્ચાનું કેન્દ્ર બની શકે છે. યુવાનોનો અસંતોષ અને મંદિર વ્યવસ્થાને લઈને ઊભા થયેલા પ્રશ્નો–આ બંને મુદ્દા વિપક્ષને સરકારને ઘેરવા માટે અસરકારક હથિયાર પૂરાં પાડે છે. વિપક્ષ સરકાર પર ભ્રષ્ટાચાર અને યુવા વિરોધી નીતિઓના આક્ષેપો કરીને જનતામાં ભાવનાત્મક તેમજ વ્યવહારિક બંને સ્તરે વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરશે. ગુજરાતમાં આવતા વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં અંદાજે ૩૫ પેપર લીકના કિસ્સાઓ સામે આવ્યા છે અને હાલમાં આયુર્વેદ પરીક્ષાનું પેપર લીક થવાનો વિવાદ પણ ચર્ચામાં છે. ભાજપ સામે અમુક વર્ગોમાં અસંતોષ છે, પરંતુ તેની સામે મજબૂત વિપક્ષ હજુ ઊભો થઈ શક્યો નથી. ઉપરાંત ચૂંટણીને હજુ સમય હોવાથી ગુજરાત વિશે ચોક્કસ રાજકીય નિષ્કર્ષ આપવો વહેલો ગણાશે.

**મધ્ય પ્રદેશમાં ખેડૂત આંદોલન**

મધ્ય પ્રદેશ સરકાર સામે ભ્રષ્ટાચારના અનેક આક્ષેપો બાદ રાજકીય વિવાદો વધી રહ્યા છે. મુખ્યમંત્રી મોહન યાદવ અને તેમના પરિવારજનોના નામે જમીન ખરીદીના અહેવાલો ચર્ચામાં આવ્યા હતા. ત્યારબાદ ચોખાની ખરીદીમાં કથિત કૌભાંડનો મુદ્દો પણ સામે આવ્યો. હવે ઉનાળુ મગની ખરીદી અને ટેકાના ભાવના મુદ્દે ખેડૂતોનું આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે.

રાજ્ય સરકાર દ્વારા મગની ખરીદી માટે પ્રતિ એકર માત્ર એક ક્વિન્ટલ (૧૦૦ કિલોગ્રામ)ની મર્યાદા નક્કી કરવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં પ્રતિ એકર સરેરાશ ચારથી પાંચ ક્વિન્ટલ ઉત્પાદન થાય છે. ખેડૂતોની માંગ છે કે સરકાર મગના સમગ્ર પાકની ટેકાના ભાવે ખરીદી કરે. હાલની મર્યાદાને કારણે ખેડૂતોને બાકીનો પાક ખુલ્લા બજારમાં ઓછા ભાવે વેચવો પડે છે, જેના કારણે તેમને મોટું આર્થિક નુકસાન ભોગવવું પડે છે.

સંયુક્ત કિસાન મોરચા અને અન્ય ખેડૂત સંગઠનોના નેતૃત્વ હેઠળ હજારો ખેડૂતો નર્મદાપુરમ, સેહોર, હરદા સહિતના વિસ્તારોમાંથી અનાજની બોરીઓ, રાશન અને પથારીઓ સાથે ટ્રેક્ટર-ટ્રોલીમાં બેસીને ભોપાલ તરફ કૂચ કરી હતી. રસ્તામાં પોલીસના બેરિકેડ્સ તોડીને ખેડૂતો ભોપાલની સરહદો અને મુખ્યમંત્રીના નિવાસસ્થાનની નજીક સુધી પહોંચી ગયા હતા, જ્યાં તેમણે હાઈવે પર જ ડેરા નાખ્યા હતા.

આંદોલનને નિયંત્રણમાં લેવા માટે મુખ્યમંત્રી મોહન યાદવે મંત્રીઓ અને અધિકારીઓ મારફતે ખેડૂત પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી છે અને કેન્દ્ર સરકાર સમક્ષ ખરીદીની મર્યાદા વધારવાની રજૂઆત પણ કરી છે. તેમ છતાં હાલ ખેડૂતો અને સરકાર વચ્ચેની વાટાઘાટો કોઈ નિર્ણાયક તબક્કે પહોંચી નથી અને ખેડૂતોએ પોતાનું આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. આ સમગ્ર ઘટનાક્રમ ભાજપ માટે વધુ એક રાજકીય પડકાર ઊભો કરી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો સંવાદ



**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

પાછળથી સ્વામી વિવેકાનંદ તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ થયેલા યુવાન નરેન્દ્ર એક દિવસ પોતાના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યા. તેઓ એકદમ ચિંતિત અને અસ્વસ્થ દેખાતા હતા. સ્વામી રામકૃષ્ણ પરમહંસે તેમને પૂછ્યું, 'નરેન્દ્ર, શું થયું? કેમ અસ્વસ્થ લાગે છે?'

યુવાન નરેન્દ્રે તેમને પૂછ્યું, 'ગુરુજી, દરેક માણસના જીવનમાં આટલી બધી સમસ્યાઓ, દુઃખ, ગરીબી અને બીમારીઓ છે. તમે પણ આ બધી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છો, છતાં તમે હંમેશાં આનંદમાં દેખાઓ છો અને હસતા રહો છો. તમે આટલા આનંદમાં કેવી રીતે રહી શકો છો? શું તમને ગરીબી કે બીમારીની કોઈ તકલીફ સતાવતી નથી?'

સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના પ્રિય શિષ્યને વ્હાલથી સમજાવતાં કહ્યું, 'બેટા, સામે નદીકાંઠે ઊભેલું તે વૃક્ષ જોયું છે? નદીમાં પૂર આવે કે વાવાઝોડું આવે, છતાં આ વૃક્ષ વર્ષોથી અડીખમ ઊભું છે. તેનું કારણ છે તેના મૂળ. વૃક્ષનાં મૂળ જેટલાં ઊંડાં હોય, તેટલું વૃક્ષ વધુ અડગ રહી શકે. એ જ રીતે મારા આનંદના વૃક્ષનાં મૂળ પણ ખૂબ ઊંડાં છે. મારા ચિત્તના આનંદનો આધાર કોઈ પરિસ્થિતિ પર નથી. મારા આનંદનો આધાર મારી અંદરના પરમ તત્વ સાથેના જોડાણ પર નિર્ભર છે.'

યુવાન નરેન્દ્રે પૂછ્યું, 'ગુરુજી, અંદરના પરમ તત્વ સાથે જોડાણ કેવી રીતે સાધવું? અને કોઈપણ પરિસ્થિતિમાં એ જોડાણ કેવી રીતે ટકાવી રાખવું?'

સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું, 'રોજ થોડો સમય એકાંતમાં શાંતિથી બેસ. ધ્યાન કર અને પોતાની અંદર ઝાંખી કર. સતત પોતાની અંદર જોતા રહીશ, તો એક દિવસ તને તારી અંદર જ એક દિવ્ય જ્યોતિનો અનુભવ થશે. એ જ સ્થાનમાંથી સાચો આનંદ પ્રગટે છે. જ્યારે તને આ અનુભવ થશે, ત્યાર પછી બહારની દુનિયામાં ગમે તેવી ઘટનાઓ બને, પરિસ્થિતિ સારી હોય કે ખરાબ, તું આ બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પણ આનંદમાં રહી શકીશ. એક વાર આ જોડાણ સાધ્યા પછી જો તું રોજ પોતાના અંતરના મૂળ સાથે જોડાયેલો રહીશ, તો તારા ચિત્તનો આનંદ સદા અખંડિત રહેશે.'

ગુરુજીએ સાચો માર્ગ બતાવ્યો અને નરેન્દ્રે ગુરુના આ શબ્દો જીવનભર યાદ રાખ્યા. તેથી તેઓ પોતે પણ દરેક કઠિન પરિસ્થિતિમાં સ્થિર આનંદ સાથે જીવ્યા.

સાચો આનંદ બહારની પરિસ્થિતિઓ પર નહીં, પરંતુ પોતાના અંતરના પરમ તત્વ સાથેના જોડાણ પર નિર્ભર છે. રોજ આ જોડાણને તાજું રાખવાથી જીવનમાં આનંદ, શાંતિ અને સ્થિરતા સદાય ટકી રહે છે.

# જંતર મંતરથી રાજઘાટ: સોનમ વાંગચુકનો સત્યાગ્રહ અને યુવા ક્રાંતિ

**રાજધાનીના અંતરંગ**

**અનિલ આનંદ**

**અન્ય વાતો સિવાય, શક્તિશાળી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા એ વાંગચુક-સીજેપીના નેતૃત્વ હેઠળના આંદોલનની એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવી**

એક મૌન પ્રેરક, જેમણે માત્ર યુવાનોની ઊર્જાને સકારાત્મક દિશામાં વાળી એટલું જ નહીં, પરંતુ શક્તિશાળી નરેન્દ્ર મોદી સરકારના કોરિડોરમાં પણ હલચલ મચાવી દીધી. હિમાલયના આ નેતા લદ્દાખના શીતળ વાતાવરણમાંથી નીકળીને દિલ્હીના ગરમ અને ભેજવાળા મેદાની વિસ્તારમાં આવ્યા. તેમનો ઉદ્દેશ્ય માત્ર ઈતિહાસ રચવાનો જ નહીં, પરંતુ દેશની રાજનીતિ માટે એક નવો માર્ગ તૈયાર કરવાનો હતો, જે ધાર્મિક ધ્રુવીકરણ, દ્વેષ, ભ્રષ્ટાચાર અને અન્ય તમામ પ્રકારની અનૈતિકતાથી ઘેરાયેલી છે.

એન્જિનિયરમાંથી શિક્ષણશાસ્ત્રી અને પર્યાવરણવિદ્ બનેલા સોનમ વાંગચુક પાણીના સંરક્ષણના સાધન તરીકે 'આઈસ સ્તૂપ' બનાવવાના અને નવી શિક્ષણ પ્રણાલી વિકસાવવાના પ્રયાસોને કારણે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન આકર્ષિત કરી ચૂક્યા હતા. જોકે, તેઓ પરીક્ષાના પેપર લીક અને ખામીયુક્ત શિક્ષણ વ્યવસ્થા સામે 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા આયોજિત યુવા વિરોધ પ્રદર્શનમાં મૌનપણે કેન્દ્રસ્થાને આવવા માટે દિલ્હીના જંતર-મંતર પહોંચ્યા હતા. તેમની થીમ 'શિક્ષણ' જ હતી, પરંતુ હેતુ બીમાર રાજકીય વ્યવસ્થાને હચમચાવી દેવાનો વધુ વ્યાપક હતો.

તેઓ કોઈ પણ આડંબર કે પબ્લિસિટીની ભૂખ વગર પોતાના અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરવા માટે જંતર-મંતરના મંચ પર શાંતિથી બેસી ગયા. તેમના ઉપવાસના 26મા દિવસે પોલીસ દ્વારા તેમને બળજબરીથી હટાવવામાં આવ્યા, જે વધુ અસરકારક સાબિત થયું, કારણ કે તેના કારણે એવો માહોલ સર્જાયો કે દેશભરમાંથી યુવાનો પ્રદર્શનના સ્થળે એકત્ર થવા લાગ્યા. હેતુ પ્રત્યે વાંગચુકની કટિબદ્ધતા અને એ ભય કે સરકાર તેમનો જુસ્સો તોડવા માટે કઠોર પગલાં લઈ શકે છે, તેની પણ આમાં અસર હતી.

લદ્દાખના સૌથી લોકપ્રિય જાહેર વ્યક્તિત્વોમાંના એક સોનમ – જેનો અર્થ કેટલીક સંસ્કૃતિઓમાં 'મેરિટ' અથવા 'ગુણ' થાય છે – તેમણે ફરી એકવાર આ અર્થને સાર્થક કરી બતાવ્યો. તેમના માર્ગદર્શનથી માત્ર યુવા વિરોધને એક દિશા જ મળી નહીં, પરંતુ તેને યોગ્ય રીતે દિશાબદ્ધ પણ કરી શકાયો. પ્રદર્શન સ્થળે મંચ પર તેમની હાજરીથી પડેલી અસર તેમને ત્યાંથી બળજબરીપૂર્વક હટાવ્યા પછી અનેકગણી વધી ગઈ, કારણ કે વિરોધ કરી રહેલા યુવાનોએ આંદોલનમાં નવા તકનીકી પરિમાણો ઉમેરવા ઉપરાંત, વાંગચુક પોતાના વ્યક્તિગત ઉદાહરણ દ્વારા જે ગાંધીવાદી માર્ગ અપનાવી રહ્યા હતા, તે જ માર્ગ અનુસર્યો.

તેમાં કોઈ શંકા નથી કે લદ્દાખ આંદોલનનો મુદ્દો, જે કેન્દ્ર સરકાર દ્વારા હજી પણ લંબાવવામાં આવી રહ્યો હોવાથી અટવાયેલો છે, તે વાંગચુકના દિલ્હીના મંચ પર આગમન સાથે સીધો રાષ્ટ્રીય પરિદૃશ્ય સાથે જોડાઈ ગયો. સૌથી મહત્ત્વની વાત એ છે કે તેમણે લદ્દાખની સ્વાયત્તતા માટેની પ્રાદેશિક માંગણીઓને શાંતિપૂર્ણ વિરોધના રાષ્ટ્રીય પ્રતીકમાં રૂપાંતરિત કરીને ભારતીય રાજકારણને પ્રભાવિત કર્યું છે.

આ આંદોલનને 2014થી સત્તામાં રહેલી નરેન્દ્ર મોદી સરકાર સામેના સૌથી મોટા જાહેર વિરોધ પ્રદર્શનોમાંના એક તરીકે જોવામાં આવી રહ્યું છે. અન્ય વાતો સિવાય, શક્તિશાળી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા એ વાંગચુક-સીજેપીના નેતૃત્વ હેઠળના આંદોલનની એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવી. જોકે, હોસ્પિટલના પલંગ પરથી સરકારના પ્રતિનિધિઓ સાથેની વાટાઘાટો દરમિયાન વાંગચુકે પ્રધાનને હટાવવાની માંગ અંગે 'સરકારે તેમને હટાવવા પર વિચાર કરવો જોઈએ' જેવા શબ્દોનો ઉપયોગ કરીને માંગને થોડી નરમ પાડવા બદલ કેટલાક વર્ગોમાં રોષનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં, તેઓ પોતાની કટિબદ્ધતામાં અડગ રહ્યા. આ અંગે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું હતું કે યુવાનોના વિરોધ વચ્ચે શિક્ષણ મંત્રાલયમાં પ્રધાનનું યથાવત્ રહેવું સરકાર માટે વધુ શરમજનક બન્યું હોત. કદાચ આ મુદ્દે તેમની વિચારસરણી વિરોધ કરી રહેલા યુવાનો અને સામાન્ય જનતાની ભાવનાઓ સાથે સંપૂર્ણપણે મેળ ખાતી ન હતી.

બળપ્રયોગ અને સરકારી તંત્રના અન્ય સાધનો દ્વારા આંદોલનને દબાવવાના સરકારના પ્રારંભિક પ્રયાસોનો પ્રતિકાર કરીને ગતિશીલતાને યુવા શક્તિ તરફ વાળવી એ વાંગચુકની વ્યૂહરચનાનો એક અનોખો ભાગ હતો. પરિણામે, ચોક્કસ વ્યૂહાત્મક પગલાંઓ દ્વારા રાજકીય ગતિશીલતામાં સફળતાપૂર્વક ફેરફાર લાવી શકાયો. તેમાં ડિજિટલ વિરોધને નૈતિક સત્તા આપવી, સરકારની દમનકારી કાર્યવાહીને જ આંદોલનના પક્ષમાં વાળવી, વરિષ્ઠ નેતૃત્વને મોડી રાત્રે કટોકટીની વાટાઘાટો માટે મજબૂર કરવું, માળખાકીય અને કાનૂની છૂટછાટો અંગે વાટાઘાટો કરવી, સંસદીય ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવું અને અંતે ન્યાયિક તથા નાણાકીય રાહત મેળવવી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. બીજી તરફ, સીજેપીના વિરોધ પ્રદર્શનોને દરરોજ વધતું જનસમર્થન મળતું હોવાથી સરકાર પર આંદોલનકારી યુવાનોના પ્રતિનિધિઓ સાથે સમાંતર વાટાઘાટો કરવાનો દબાણ પણ વધતો ગયો.

અસ્પષ્ટ રાજકીય નિવેદનોથી સંતોષ માનવાને બદલે વાંગચુકે પોતાની નૈતિક શક્તિનો ઉપયોગ કર્યો. પ્રદર્શનકારીઓના દબાણના સમર્થન સાથે તેમણે કેન્દ્ર સરકાર પાસેથી ઠોસ સંસ્થાકીય ફેરફારો સુનિશ્ચિત કરતો મજબૂત કરાર કરાવ્યો. પરિણામે કેન્દ્ર સરકારે પરીક્ષા સુધારા અંગે સંપૂર્ણ સંસદીય ચર્ચાની ખાતરી આપી અને પેપર લીકને કાયમી ધોરણે રોકવા માટે નવું વિધેયક લાવવાનું વચન આપ્યું.

સાથે જ સરકારે પરીક્ષાની ગેરરીતિઓને પહોંચી વળવા દિલ્હીમાં ફાસ્ટ-ટ્રેક અદાલતની સ્થાપના કરવા અને નીટ પેપર લીકથી પ્રભાવિત પરિવારોને વળતર આપવા અંગે હકારાત્મક વિચારણા કરવા સંમતિ દર્શાવી. આ આશ્વાસનો મળ્યા પછી જ તેમણે પોતાના 26 દિવસના ઉપવાસનો અંત લાવ્યો અને સોશિયલ મીડિયા પર પરિણામને 'સીધી શેરીઓમાંથી આવેલી સીધી લોકશાહીની જીત...' તરીકે વર્ણવ્યું.

વાંગચુકનો સંકલ્પ આજે પણ અકબંધ છે, ભલે તેમના લાંબા ઉપવાસે તેમના સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી હોય. હોસ્પિટલમાંથી બહાર આવ્યા પછી તેમના ચહેરા પર ફરી તેજ જોવા મળ્યું. તેઓ લેહ પરત ફરી પોતાના પ્રિય વાતાવરણ અને લોકોની વચ્ચે જાય તે પહેલાં સીધા રાજઘાટ સ્થિત ગાંધી સમાધિ પર પહોંચ્યા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગુનાખોરીનું પ્રમાણ ઓછુ કરવુ છે?

વર્તમાનપત્રોમાં રોજ જ જુદાજુદા પ્રકારના ગુનાઓ થવા અંગેના સમાચારો પ્રકાશિત થતા રહેતા હોય છે. આ ગુનાઓ જેણે કર્યા હોય તેઓ પકડાય તો પણ તેમને કોઈ સજા થયા અંગેના સમાચાર જોવા મળતા નથી અને ક્યાંક કંઈક પગલા લેવાતા હોય તો કાયદાની છટકબારીઓનો લાભ ઉઠાવીને વકીલો તેમને છોડાવી દે છે. આનો કોઈ ઉપાય ખરો કે નહી? ચોક્કસપણે તેનો ઉપાય છે. કાયદો એવો હોવો જોઈએ અને નહી હોય તો બનાવવો જોઈએ કે જ્યાં પણ સીસીટીવી કેમેરામાં વ્યક્તિ અથવા વ્યક્તિઓ ગુનો કરતી નજરે પડે છે, અથવા રંગે હાથ પકડાય છે, મતલબ ગુનો સાબિત જ થઈ જાય છે ત્યાં કેસ ચલાવવાને બદલે સીધી સજાનું અને તે પણ આકરી સજાનું એલાન થઈ જવુ જોઈએ અને તે સજાનો તાત્કાલિક અમલ થવો જોઈએ. જો આ પ્રમાણે થાય તો આ લખનારનું ચોક્કસ માનવુ છે કે ગુનાખોરીના પ્રમાણમાં ગણનાપાત્ર ફેર પડી જાય મતલબ ગુનાખોરીનું પ્રમાણ એકદમ ઘટી જાય. જરૂર છે એ પ્રકારના કાયદાની અને તેના અમલની.

સુરત - સુરેન્દ્ર દલાલ

## ગામથી રાષ્ટ્રીય વિકાસ

ભારત એ ખેતીપ્રધાન દેશ છે અર્થતંત્રનાં વિકાસમાં 3 મહત્વના ક્ષેત્રો પૈકી ખેતીક્ષેત્ર માંથી રોજગારી અને માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે વર્તમાન સમયમાં પણ મહત્તમ લોકો ખેતીક્ષેત્રમાંથી આવક પ્રાપ્ત કરી ભરણ પોષણ કરે છે દેશ અનેક ગામડાઓનો બનેલો છે પરંતુ અનિયમિત ચોમાસું. સિંચાઈની અપૂરતી સગવડો. ખેડૂતમાં શિક્ષણનો અભાવ તથા પેદાશનો યોગ્ય ભાવ ન મળવાને કારણે ખેડૂત અને ખેતીક્ષેત્રે મુશ્કેલીઓ સર્જાય છે પરિણામે ગામડાના યુવાનો રોજગારીની શોધ અને ભૌતિકસુવિધા મેળવવા માટે શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે વસ્તીવધારો અને અનિયંત્રિત સ્થળાંતરનાં કારણે શહેરોમાં વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓની સમસ્યાઓ વધી રહી છે જયારે બીજી તરફ ગામડાઓ ખાલી થઈ રહ્યા છે દેશનો સાચો વિકાસ કરવો હોય તો શહેરી વિકાસની સાથે સાથે ગામડાંઓને આત્મનિર્ભર અને સુવિધાપૂર્ણ બનાવવા પડશે.ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ આરોગ્ય અને રોજગારીની પૂરતી તકો ઊભી કરવી પડશે જેથી યુવાનોનું સ્થળાંતર અટકાવી શકાય કૃષિક્ષેત્રે નવીન ટેકનોલોજી અને સુવિધાઓ તથા સંલગ્ન વિવિધ યોજનાનો લાભ આપી આર્થિક અને માનસિક રીતે સ્વસ્થ બનાવવા પડશે.ગામડાનો સંપૂર્ણ વિકાસ થશે ત્યારેજ આપણે ભારત દેશને વિશ્વગુરુ બનાવી શકીશું.

નવસારી - વિરલકુમાર હરિલાલ ટંડેલ

## અખબારનું અનિવાર્ય અંગ

ચર્ચાપત્ર એ કેવળ અક્ષરોનો સમુચ્ચય નથી, પરંતુ નવસર્જકો માટેની અનૌપચારિક સાધનાપીઠ છે. તે લોકનાડીના ધબકારાને ઝીલતો, વાચકના અંતરાત્માનો આર્તનાદ છે અને પ્રજાકીય પ્રશ્નોને વાચા આપતો સબળ લોકમંચ છે. એટલે જ ચર્ચાપત્રને 'વાચકોની સંસદ'નું ઉચ્ચ બિરુદ મળ્યું છે. લોકશાહીમાં લોકમતનું નિર્માણ કરતી આ પવિત્ર કૉલમને 'લોકવિચાર' કે 'વિચારમંચ' જેવા શીર્ષક હેઠળ ગૌરવપૂર્ણ સ્થાન મળવું અનિવાર્ય છે. પરંતુ ખેદજનક વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં પત્રકારત્વમાં ક્ષરણ થતાં 'સાપ ગયા ને લીસોટા રહ્યા' જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. અખબારો એ વિસરી રહ્યા છે કે વાચકોનાં સ્પંદનો જ પત્રકારત્વ અને અખબારની જનપ્રિયતા તથા જનસ્વીકૃતિની ખરી પારાશીશી છે.

આવા નિરાશાજનક વાતાવરણમાં 'ગુજરાતમિત્ર' દૈનિકના નિષ્ઠાવાન વાચક તરીકે મારે સગૌરવ સ્વીકારવું જોઈએ કે આપના દૈનિકે પત્રકારત્વની આ ઉચ્ચ પરંપરાને અક્ષુણ્ણ રાખી છે. 'ગુજરાતમિત્ર'ની ચર્ચાપત્ર કૉલમમાં નિત્ય છથી આઠ જેટલાં વાચકપત્રોને સ્થાન આપવામાં આવે છે. સાંપ્રત કોઈ પણ વિષય પરની તલસ્પર્શી છણાવટમાં ક્યાંય બીબાઢાળપણું, ચર્વિતચર્વણ કે પિષ્ટપેષણ જોવા મળતું નથી. લેખકોની સમૃદ્ધ શબ્દપસંદગી, પરિષ્કૃત રજૂઆતશૈલી અને પદ્ધતિસરનો વિષયવિકાસ વાચકને મંત્રમુગ્ધ કરી દે છે. કોઈ પણ ચર્ચાપત્રમાં શિખાઉપણાને બદલે પ્રૌઢ અને પરિપક્વ લેખનકલાનાં દર્શન થાય છે. વાચકના અબાધિત અધિકાર સમા આ મંચને સંવર્ધિત કરીને 'ગુજરાતમિત્ર' દૈનિક 'છો ના હું કનકદીવડી, કોડિયું માટીનું થઈ'ની ભાવના સાથે મૂલ્યનિષ્ઠ પત્રકારત્વનો આદર્શ પૂરો પાડી રહ્યું છે.

બારોટ, મહેસાણા - વસંતકુમાર એમ

## પ્રથમ ગુજરાતી હાસ્ય સાહિત્યકાર -ગુલફામ

14/7/1961ના રોજ પારસી પટેલ પરિવારમાં જન્મેલા ગુજરાતી હાસ્ય સાહિત્યકાર અને પત્રકાર જહાંગીર નસરવાનજી પટેલે ( પેસ્તનજી ) ગુલફામના તખલ્લુસથી 52 નવલકથા - નાટકો,60 નવલિકા અને હજારો રેખાચિત્રો તેમ જ રમૂજો લખી છે.તેમણે કેટલાક એકાંકીઓ પણ લખ્યા હતા.યુરોપિયન સભ્યતા વિશે તેમણે લખેલા પુસ્તકનું નામ હતુ - ભૂલશો ના આ અદબ અદા માટેની સૂચનાઓ - જે તેમના મરણોપરાંત પ્રકાશિત થયુ હતુ.મુંબઈમાં તેમનો જન્મ ફોર્ટ વિસ્તારની મોટી પારસી વસાહતમાં થયો હતો જ્યાં પહેલા પોર્ટુગીઝોએ જેલ બનાવેલી. 9 વર્ષે તેમણે લેખનકાર્ય શરૂ કર્યુ અને 13 વર્ષની ઉંમરે તેમની પહેલી રચના સોનારના ગઢ પ્રકાશિત થઈ હતી. શાળાના નાટકોમાં તેઓ ગુલફામ નામથી ભાગ લેતા જે પાછળથી તેમનું તખલ્લુસ બની ગયુ. 16 વર્ષે તેમણે લખેલી ગઝલ ગુણવર્ધક પ્રકાશનમાં છપાઈ હતી.53 વર્ષની વયે લખેલી તેમની આત્મકથા ' મારી પોતાની જીંદગીનો હેવાલ ' તેમના મ્રુત્યુ બાદ પ્રગટ થઈ હતી. ગુલફામ ઉપરાંત બીજા કેટલાક ઉપનામથી તેઓ વિવિધ પ્રકાશનોમાં લખતા જેવા કે કેસર એ હિંદ,ગપસપ,ફુરસદ,ગુણવર્ધક, લક્ષ્મી,અખબાર એ સોદાગર,જામે જમશેદ અને બોમ્બે સમાચાર. ગુલફામનું 24/8/1936ના દિવસે 75 વર્ષની ઉંમરે થયુ હતુ.

સુરત - સુરેન્દ્ર દલાલ

## Gen-Z ને કેળવણીની સખત જરૂર છે

લોકશાહીમાં પોતાની માંગણીઓ કે અસંતોષ વ્યક્ત કરવા માટે શાંતિપૂર્ણ આંદોલન કરવું એ દરેક નાગરિકનો અધિકાર છે. પરંતુ નીટ આંદોલન દરમિયાન Gen-Z ના કેટલાક યુવાનો દ્વારા જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવું, આપણી સુરક્ષામાં તૈનાત પોલીસ અને આર્મી (સૈન્ય)ના જવાનો પર હુમલા કરવા કે તેમની મજાક ઉડાવવી, તેમજ મીડિયાકર્મીઓ સાથે ગેરવર્તણૂક કરવી આ કોઈ પણ સંજોગોમાં વ્યાજબી ઠેરવી શકાય નહીં.જે દેશના જવાનો પોતાની જિંદગીના ભોગે આપણી સુરક્ષા કરે છે, અને જે પોલીસ શાંતિ-સલામતી જાળવે છે, તેમનો અનાદર કરવો એ ચિંતાજનક માનસિકતા દર્શાવે છે. સોશિયલ મીડિયાના યુગમાં આજના યુવાનોમાં આક્રોશ, ઉતાવળ અને કાયદા પ્રત્યે ભયનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.આ ઘટના દર્શાવે છે કે નવી પેઢીને કેળવણીની શા માટે સખત જરૂર છે.નીટની તૈયારી કરતા વિદ્યાર્થીઓ શિક્ષિત તો છે, પરંતુ પોતાના હક માટે લડતી વખતે શિસ્ત, મર્યાદા અને કાયદાનું પાલન કેવી રીતે કરવું એ 'કેળવણી'નો ભાગ છે, જેનો અહીં સ્પષ્ટ અભાવ દેખાયો.રાષ્ટ્રપ્રેમ અને સંસ્થાઓ પ્રત્યે આદર સેના, પોલીસ કે પત્રકારત્વ એ લોકશાહી અને રાષ્ટ્રના આધારસ્તંભ છે. આ સંસ્થાઓનું સન્માન કરવું એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે.વિરોધ વિચારોનો હોવો જોઈએ, હિંસાનો નહીં. જાહેર મિલકતોને નુકસાન પહોંચાડીને પોતાના જ દેશનું આર્થિક નુકસાન કરવું એ કોઈ ઉકેલ નથી.તેથી માતા-પિતા, શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજના અગ્રણીઓએ હવે વિચારવાનો સમય આવી ગયો છે. માત્ર પરીક્ષાઓમાં માર્ક્સ લાવવા કે સારી કારકિર્દી બનાવવી એ જ પૂરતું નથી. યુવાનોમાં ભાવનાત્મક સંયમ ,સામાજિક જવાબદારી અને કાયદા પ્રત્યે આદરના ગુણો સિંચવા અત્યંત જરૂરી છે. જો આ 'Gen-Z' ને યોગ્ય સમયે નાગરિકધર્મ અને નૈતિક મૂલ્યોની સાચી કેળવણી નહીં આપવામાં આવે, તો દેશનું ભવિષ્ય ખોટી દિશામાં ફંટાઈ શકે છે.

સુરત - સુરતી નીતિનકુમાર